# <u>ગુજરાત વિધાનસભા સત્ર દરમ્યાન</u>
# <u>ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૪ રજુ કરવા બાબતે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય માટેનું વક્તવ્ય</u>

- ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રમાં છેલ્લા ૨૦ વર્ષમાં બીજા રાજ્યોની સરખામણીમાં નોંધનીય સંખ્યા અને ગુણવત્તાની દ્રષ્ટિએ વૃદ્ધિ થયેલ છે તેમજ શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ નવી ટેકનીકલ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

- **શિક્ષણ-પ્રણાલીમાં ટેક્નિકલક્ષેત્રે થયેલ સુધારા**, ઓનલાઇન મોટા પ્રમાણમાં કન્ટેન્ટની પ્રાપ્યતા, અર્થવ્યવસ્થામાં દેશ અને વિશ્વકક્ષાએ સતત બદલાવ, કૌશલ્ય આધારિત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત નવા ક્ષેત્રોમાં કુશળ માનવબળની મોટી જરૂરિયાત, વસ્તી વિષયક વલણોમાં ફેરફાર વગેરેને કારણે શિક્ષણ-પ્રણાલીમાં પણ નોંધપાત્ર ફેરફાર થઈ રહ્યા છે. **યુનિવર્સિટીઓમાં સતત ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન, નવીનીકરણ, સ્માર્ટ વર્ગખંડો અને અદ્યતન છાત્રાલયની જરૂરિયાત ઉભી થઈ**

રહી છે, આ બધી જરૂરીયાતો સંતોષવાથી આપણી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ દેશ-વિદેશમાં વિશ્વ કક્ષાની બને તેમ છે, આગામી વર્ષોમાં વિશ્વ સાથે કદમ મિલાવી આ સિદ્ધ કરવું પડશે.

- ગુજરાત રાજ્યમાં અગાઉ યુનિવર્સીટીઓ મર્યાદિત હોઈ ગુજરાતના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા જવું પડતું હતું. જેથી ઘણા વાલીઓ બાળકોને બહાર મોકલવા તૈયાર થતા ન હોઈ તેમજ આર્થિક મુશ્કેલીના કારણે પણ

આવા વિદ્યાર્થીઓએ અભ્યાસ અધવચ્ચે છોડી દેવો પડતો હતો. આથી ગુજરાતનાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે રાજ્ય/દેશની બહાર જવું ના પડે તેમજ ગુજરાત રાજ્યમાં જ મોટા ભાગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર ઉચ્ચ શિક્ષણની વધતી જરૂરિયાત મુજબ **રાજ્યમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે.** જેના ભાગરૂપે, **ગુજરાતના વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે ગુજરાત બહાર ન જવું પડે તે માટે,**

- વર્ષ ૨૦૦૧માં કૂલ ૧૩ યુનિવર્સિટીઓ જ કાર્યરત હતી જે વધીને હાલ ગુજરાતમાં કૂલ ૧૦૮ યુનિવર્સિટીઓ કાર્યરત હોવાથી વિદ્યાર્થીઓ માટે ગુજરાતમાં જ ઉચ્ચ અભ્યાસની વ્યવસ્થા ઉભી થઇ છે.

## ગુજરાતમાં અન્ય દેશના વિદ્યાર્થીઓ

- AISHE **(All India Survey on Higher Education)** જે રાષ્ટ્ર વ્યાપી સર્વે કરે છે. જેના છેલ્લા ૨૦૨૨-૨૩ના સર્વે મુજબ,
  - ગુજરાતની એફીલેટેડ કોલેજોમાં **૫૧૧** વિદ્યાર્થીનીઓ અને **૧૩૨૨** વિદ્યાર્થીઓ મળી કુલ **૧૮૩૩** વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે.

- ગુજરાતની યુનિવર્સિટીઓમાં (યુનિવર્સિટીના અલગ અલગ ડીપાર્ટમેન્ટમાં ભણતાં) ૭૪૬ વિદ્યાર્થીનીઓ અને ૧૩૨૫ વિદ્યાર્થીઓ મળી કુલ ૨૦૭૧ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે.
- સમગ્રતયા કુલ ૧૨૫૭ વિદ્યાર્થીનીઓ અને ૨૬૪૭ વિદ્યાર્થીઓ મળી કુલ ૩૯૦૪ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે.

## ભારતમાં ફક્ત ગુજરાતમાં જ હોય તેવી યુનિવર્સિટી

(૧) ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન (IITE)

(૨) ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

(3) લકુલેશ યોગ યુનિવર્સિટી

## એન્જિનિયરિંગ અને મેડીકલના વિદ્યાર્થીઓની સંખ્યા

- **AISHE (All India Survey on Higher Education)** જે રાષ્ટ્રવ્યાપી સર્વે કરે છે. જેના છેલ્લા ૨૦૨૨-૨૩ના સર્વે મુજબ,
  - મેડીકલ અને પેરામેડીકલમાં **૨,૦૭,૩૦૨** વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.
  - ટેકનિકલમાં **૩,૯૧,૨૧૩** વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

- ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૧માં ૦૯-મેડીકલ કોલેજો કાર્યરત હતી. જેમાં કુલ ૧૧૨૫ એમ.બી.બી.એસ.ની બેઠકો હતી, જયારે હાલમાં રાજયમાં ૪૦-મેડીકલ કોલેજો કાર્યરત છે. જેમાં ૭૦૫૦ જેટલી એમ.બી.બી.એસ.ની બેઠકો છે.

- સમગ્ર વિશ્વમાં તમામ વિકસિત દેશોએ ઉત્પાદન, સેવાઓ અને વહીવટમાં પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) મોડલ અપનાવીને ખાનગી ક્ષેત્રની ભાગીદારી દ્વારા વિશ્વમાં શ્રેષ્ઠ પ્રગતિ કરી છે. કોઈ દેશ આ સિવાય પ્રથમ કક્ષાએ આવી શક્યો નથી. પરિણામે, ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સબકા સાથ સબકા વિકાસ" સૂત્ર અન્વયે સમાજવાદના નામે ભૂતકાળમાં જે સ્થગિતતા આવી તેને સુધારી "મીનીમમ ગવર્મેન્ટ એન્ડ મેક્સિમમ ગવર્નન્સ"નું મોડલ સ્વીકારી એવિએશન,

ટ્રાન્સપોર્ટ, ઇલેક્ટ્રિસિટી જેવા અનેક ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રને દેશના વિકાસમાં અદ્વિતીય ફાળો આપવાની તક આપી છે, માટે આપણે શિક્ષણમાં પણ આ મોડલ અમલમાં મૂક્યું છે. **ઉત્તમ નોકરીઓ, પેકેજ, સમગ્ર વિશ્વની માંગ સારું સંચાલન, વ્યવસ્થાઓ આ યુનિવર્સિટીઓ આપે છે તેથી તેમની આવશ્યકતા છે.**

- રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણની ગુણાત્મક અને ઉદ્યોગ સંબંધિત જોગવાઈ માટે તથા કાયદાની જોગવાઇઓ અનુસાર તેમની કામગીરીનું અસરકારક નિયમન થાય તે માટે રાજ્યમાં પ્રાઇવેટ યુનિવર્સિટીઓ સ્થાપવાની જોગવાઇ કરવા માટે **ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯** અમલમાં મૂક્યો છે. જે અન્વયે **હાલમાં રાજ્યમાં કુલ ૬૫ ખાનગી યુનિવર્સિટીઓ કાર્યરત છે.**

- **ખાનગી યુનિવર્સિટીઓ અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે  સંતુલિત અભ્યાસક્રમ એટલે કે શૈક્ષણિક, અભ્યાસેતર અને કાર્યબળના વાતાવરણના સંતુલિત સંયોજનની જરૂરિયાતો પૂરી કરે છે.** ખાનગી યુનિવર્સિટીઓ બજારની જરૂરિયાતો મુજબના લાયક અને અનુભવી ફેકલ્ટી, લાઇવ પ્રોજેક્ટ્સ, સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમને વિશ્વ કક્ષાનાં પેકેજ પ્લેસમેન્ટ પણ મળે છે,  પરિણામે, એકેડેમિક ગુણવત્તા, સંશોધન ક્ષમતા, નાના વર્ગખંડ, ઉદ્યોગો

સાથેના મજબૂત સબંધો, આધુનિક ટેકનોલોજી, આધુનિક સગવડો અને સુવિધાઓ વિગેરેને લીધે તેમજ સરકારી યુનિવર્સિટી પરનું ભારણ ઘટાડવા માટે ખાનગી યુનિવર્સિટીઓની જરૂરીયાત છે.

- તેઓ વિદ્યાર્થીઓને વિનિમય કાર્યક્રમો, વિદેશી દેશોમાં ઇન્ટર્નશીપ વગેરે પ્રદાન કરે છે અને વિદેશી યુનિવર્સિટીઓ સાથે સહયોગી શૈક્ષણિક વિશ્વ પ્રખ્યાત માળખું બનાવે છે. પરિણામે, ઘણા વિદ્યાર્થીઓ રાજ્ય બહાર જવાને બદલે આવી ખાનગી યુનિવર્સિટીઓમાં ભણવાનું પસંદ કરે છે અને હાલ ભણી રહ્યા છે.

## વિદેશી યુનિવર્સિટીનું કોલોબ્રેશન

- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ સાથે વિદેશની યુનિવર્સિટીઓએ એમ.ઓ.યુ. કરેલ છે.

  જેની વિગત નીચે મુજબ છે.

  - યુનિવર્સિટી ઓફ સેન ડીએગો (યુ.એસ.ડી.), સેન ડીએગો, કેલિફોર્નિયા, યુ.એસ.એ.
  - થંડરબર્ડ સ્કુલ ઓફ ગ્લોબલ મેનેજમેન્ટ, અરિઝોના સ્ટેટ યુનિવર્સિટી
  - ડીકન યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા - ગીફ્ટ સીટી
  - યુનિવર્સિટી ઓફ વોલંગોગ, ઓસ્ટ્રેલિયા - ગીફ્ટ સીટી

- ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટીઝ એક્ટ,૨૦૦૯માં સુધારો કરીને આ કાયદાને **ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટીઝ (સુધારા) એક્ટ, ૨૦૨૪** તરીકે ઓળખવામાં આવશે. ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટીઝ એક્ટ, ૨૦૦૯ "પ્રિન્સીપાલ એક્ટ"ના **સેક્શન-૧૦**માં રાજ્ય સરકાર યોગ્ય કાયદા દ્વારા નવી યુનિવર્સિટીના નામ, સ્થાન અને અધિકારક્ષેત્ર સાથે અધિનિયમની અનુસૂચિમાં કોઈપણ યુનિવર્સિટીનો સમાવેશ કરવાની જોગવાઈ કરે છે.

- અનુભવે માલુમ પડેલ છે કે, ખાનગી યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીના નામ અને સરનામામાં તેમજ સ્પોન્સરીંગ બોડીની વિગતોમાં પણ કેટલાક ફેરફારો કરવામાં આવતાં હોઈ કેટલીક મુશ્કેલીઓ ઊભી થાય છે. આથી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં કલમ-૧૦ને, તે કલમની પેટા કલમ(૧) તરીકે ફરી નંબર આપી અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા કલમ-(૧) પછી પેટા કલમ (૨) "રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિની કોઇ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફારો કરી શકશે"નો ઉમેરો કરવાનો

**સુધારો કરવો અનિવાર્ય જણાય છે, જેથી આ અધિનિયમ સાથે જોડાયેલ અનુસૂચિમાં કોઈપણ વર્તમાન કૉલમ અથવા સૂચિની એન્ટ્રીમાં ફેરફાર કરી શકાય,** તે મુજબની સુધારા જોગવાઈ કરવામાં આવેલ છે.

- ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક, ૨૦૨૪ના અમલ દ્વારા તમામ ખાનગી યુનિવર્સિટીના મૂળભૂત શૈક્ષણિક લક્ષ્યાંકો સિદ્ધ થશે તથા આજના વિકસતા અર્થતંત્ર સાથે કદમ મિલાવી સફળતાના શિખર સર કરશે. આજ દ્રઢ નિશ્ચય સાથે હું વિરમું છું.

*********************************